(વાંચનમાળા-૧) (પ્રથમ અધ્યાય.)

સંગીત અને

ડૉ૦ ઘનચક્કરનું ગૌરવ.

રચી પ્રસિદ્ધ કરનાર.

કેશવ હરગોવિન્દદાસ શેઠ

અમદાવાદ.

મૂલ્ય. ગરીબોને મફત બીજાઓ માટે બે આના.

અમદાવાદમાં ખેમાસાને ચકલે-ધી "નટવર" પ્રિન્ટિંગ પ્રેસમાં

સને ૧૯૧૫ } ભોગીલાલ નારણદાસ બોડીવાળાએ છાપી. { પ્રત ૧૨૫૦

સૃષ્ટિ પર સૂર્યોદય.

રાગ શંકરાભરણનો.

વિશ્વપાલક પ્રભુ! સૃષ્ટિ પર સૂર્યના
ઉદયથી હૃદય ઉત્કર્ષ પામે :
પ્રાણી જીવન પરમ! આશ ઉજાશ ભર!
આત્મ વિકાસ હોઈ વ્યાધિ વામે :

પિતા! તિમિર ટળી હૃદયે પ્રકાશ જામે :
નૂરમય રશ્મિના ગહન સ્નાને!
પિતા! તિમિર ટળી હૃદયે પ્રકાશ જામે :

ધરણી ઉજ્વલ! ધવલ તેજ સૌન્દર્યથી
આત્મભાવોજ્વલ એજ રસથી.
મૂઢ ચેતન નવલ પ્રેરણા પામતાં;
સ્નેહના સિન્ધુમાં અવની તરતી!

પિતા! સૃષ્ટિ સર્વત્ર કલ્લોલ કરતી!
અકલ માયા મહીં મુગ્ધ બનતી—
પિતા! સૃષ્ટિ સર્વત્ર કલ્લોલ કરતી.

ડૉ૦ ઘનચક્કરનું ગૌરવ.

—:ઉપોદ્‌ઘાત.:—

આ એજ ડૉકટર ઘનચક્કર; જે જૂદાં જૂદાં નામથી જાણીતા થતા જાય છે—જેમકે, ઉંટવૈદ્ય ઇંટાળારામ, ઉમાપૂરકર, પાર્વતિશંકર. સંકર, અંધારાજા, ઇ૦ ઇ૦ ઇ૦.

વાંચનારને ઘણા ઘણા વૈદ્ય, હકીમ તેમજ ડોકટર્સ સાથે પ્રસંગ પડયો હશે, પણ અહીં જે નમૂનો ઉતારવામાં આવે છે એ તો બધાથી નિરાળો જ છે! હમણાંજ આપણે તે અવલોકશું, અને ઇચ્છીશું કે, જયાં સૂધી ગ્રહણ લાગ્યા વગરના સૂર્ય—ચન્દ્ર તપે, ત્યાં સૂધી એઓશ્રીના મન વચન અને કર્મદ્વારા થતા વિચાર ઉચ્ચાર, અને આચારનું સંકરપણું અવનીમાં અસ્તિત્વ ભોગવે.

—:ઉદ્દેશ.:—

વાંચનારી આલમ આ મહાનુભાવનો ધડો (!) લઇ પોતે શુદ્ધ, સરલ અને સાત્વિક જીવન ગાળે, સ્વચ્છંદી, તામસી અને વિલાસી સ્વભાવ ભૂલે, અને ઈશ્વરનિયમાધિન હોઇ, સત્ય તત્વને હસ્તગત કરે, એટલોજ પ્રસ્તુત વસ્તુના પ્રાકટયનો આશય:

—:આરંભ.:—

અસલથીજ, ડૉ. ઘનચક્કર પોતે "સીધી લીટી" ના આદમી છે. એટલે એમને કોઇનૂં કામ કરવાનૂં રૂચે ના, મહાત્માઓના ગુણ ગાવાના કે શ્રવણ કરવાના ગમે ના, અને ટાયલાં, ટીકા કે ટંટા તો

જાણે એમનો ટ્રેડમાર્ક—માલ ! ડૉ૦ ધનચક્કરની અઢળક શક્તિ, ગર્વીષ્ટ ગતિ, મૂઢત્તમ (!) મતિ, વિકળ વૃત્તિ, અને ક્રૂર કૃતિનો એટલો બ્હોળો વિકાસ થયેલો છે કે, પોતે જેના પ્રતાપે હવામાં ઘરબાર બાંધી શકે છે ! વળી રેતીના બંગલા બનાવી શકે છે ! એથી આગળ ધપીને ઉકેલું તો—ધૂમાડામાં બાચકા ભરી શકે છે ! અરે સાગરમાં આગ લગાડી શકે એ તો જૂદી ! અને એ ઉપરાંત હનુમાનજી જેમ ફળ જાણીને ચન્દ્રને પકડવા લાંગૂલ પછાડી ઉંચે ઉડેલા કહેવાય છે, તેમ ડૉ. ધનચક્કર પણ વાંદરાના અનુકરણે આભ સાથે બાથ ભીડવા બાથડીઆં મારી રહ્યા છે. અને ચિહ્ન તો એવાં જણાય છે કે, થોડા વખત પછી, પોતે નવી શોધ માટે ગરૂડ માફક નહિ તો **ચકલીના** પેઠે ઉંચે ઉડી, આકાશનો પડદો વિંધી એની પારના પ્રદેશમાં ભ્રમણ કરવા જવાના છે; જાય તે ટાણે "પાણીચૂ" પકડાવવાનૂં સ્મૃતિમાં રાખીને, વાચક ! નામ પ્રમાણે કામ (મન્મથ) ને બદલે (કામ—કરવા યોગ્ય કર્તવ્ય) દહન કરી નામના સિવાય નામિચા થતા આપણા નાયકના નાટારંગના પડદા પ્રતિ દૃષ્ટિ કર.

—:ડૉ૦ ધનચકકરનું ઓળખાણ.:—

ડૉ૦ ધનચક્કર જેમ શરીરે જાડા જણાય છે, તેમ બુદ્ધિના પણ જાડા છે, જો કે મનના સાંકડા છતાં મ્હોઢાના તો મોકળા છે, ખીસ્સાના ખાલી છતાં આંટ મારવામાં ઉદાર, આપ બડાઇમાં બાહોશ, બોલવામાં બોલના કોશ, ચાલવામાં ચીકણા, ખાવામાં ખાઉધર, ફરવામાં ફુલણજી, કૃપા પામવામાં કાબેલ, અભિપ્રાય આંકવામાં એક્કા, સૌન્દર્યમાં ખાસ્સા " ઇન્દ્રવર્ણા " ફળ સમોવડ, ઉપરાંત ભોળાના ભક્ષક ભૂલ્યના રક્ષક, અને ભલાના નક્ષત્ર (રાહુ જેવા) છે;

—:ડૉ૦ ધનચક્કરની દવાઓ.:—

ડૉકટરી લાઇન પકડી ત્યારથી દવા દારૂના ઉપચારમાં (જો કે કિદા સુધીના અભ્યાસી છતાં) એમને ધન્વન્તરી જેવા પણ નેવગજથી નમસ્કાર કરે એટલી બાહોશી મેળવતાં પોતે શીખ્યા છે. ઉ. ત. દવાખાનામાંથી દવા ઘૂંટવાની દવા, પાણીને મીઠાને અને ધૂળની ચપટીને દવા બનાવી દેવાની દવા, (!) લાંચ લેવાનું શીખવાની દવા, બધી બાબતની દલાલી કરવાની દવા, ધોળકા સુધીના જ્ઞાને પણ અજાણ્યા વિષયમાં માથૂં મારવાની શક્તિ આણનારી દવા, ગગનગાંઠીઆ ઘૂંટવાની દવા, ખોટી ખુશામતો ખાટવાની દવા, બુટ માંજવાની (!) દવા, હાથ મ્હોં, માથું પગ અને પેટને નાપાક બનાવવાની દવા, કકળાટીઆ મિજબાનીઓ ઉડાવવાની દવા, સિવાય જીવનાંન્તકપીલ્સ, પ્રાણનાશક પીલ્સ, ક્ષય વર્ધક પીલ્સ અને એવૂં એવૂં ઘણૂં સંગ્રહી રહ્યા છે.

—:ડૉ૦ ધનચક્કરનો અભ્યાસ.:—

"જાદૂઈ અસર કરી ચમત્કારિક રીતે જીવનમાં નવચેતન આણનાર જો કોઈ પણ સર્વોત્કૃષ્ટ સાધન હોય, તો તે પુરાણૂં અને અર્વાચીન સાહિત્ય વાંચનજ છે." ડૉ૦ ધનચક્કરે ચમત્કારથી થોડો વખત (કેમ કે હવે તો મોતીનાં પાણી ઉતર્યાં હોય તેમ, પોતે અકારી દૃષ્ટિથી જૂએ છે) માની લીધેલા એક ગામડિયા ગુરૂનું ઉપયુક્ત બોધ વચન ગ્રહણ કરીને નર્યાં નર્યાં (!) પુસ્તકો મુખ પાઠ કરવા માંડયાં છે સ્મૃતિમાં છે એ પૈકી અમુક વિદિત કરૂં ? ગજરા-

માર, જેમ ગજો હાથી, કહાનો કુમ્ભાર, વાવડી ચસ્કી, અને ભીમા જમાદારની ભવાઇ જેવા પ્રાચીન ગુજરાતી ગ્રંથો (!) ઉપરાંત, અંગ્રેજીમાં શેક્સ્પીયર કૃત "પોપ" નાટક (!) હેમ્લેટ કવિ રચિત "સાઉધી" નૉવેલ (!) ટેનીસન્સ એસેઝ, (!) આર્નોલ્ડના સંવાદો (!) અર્થોલ્ડની પોએટરી, અને ગોલ્ડસ્મીથનો આખ્ખો વર્ડઝવર્થ—આટલું વાંચી નાખેલું, સંસ્કૃત કે પ્રાકૃતમાં (!) મડા પચીસી, સુડા બ્હોતેરી, પદ્માવતી, અમ્બામાના ગરબા, દીવાળીબાના રાસડા, ગુલાબના રાઉઆ, અને નવા સાક્ષરના હાથે લખાયલો ભવાઇ સંગ્રહ ઇત્યાદિ—ઇત્યાદિઃ

—:ડૉ૦ ઘનચક્કરના આપ તરંગ.:—

માખીમાં એવો ગુણ છે કે તે ઘડીકમાં વિષ્ટાના ટોપલા પર બેસે, તો ઘડીકમાં સુખડીયાની કથરોટ પર બેસે છે અને આમજ "બે ગોળીના ચૈડવા" પેઠે ગબડનાર આપણા ડૉ૦ ઘનચક્કરે ગુરૂના ઉપદેશનો ઉલટો અર્થ કરીને જ્યારે પૂષ્કળ વાંચવા માંડયું, ત્યારે સેકન્ડઇયરમાં એઓશ્રીને નપાસ થવા વખત આવ્યો. ગુરૂએ પાસ થવાનું "પણ" આપેલું બરબાદ થયું એટલે—કહ્યું તેમ—ડૉ૦ ની શ્રદ્ધા એમનામાંથી ઓછી થઇ; જો કે ધડમથલ કરીને પાસનું સર્ટિફિકેટ સમ્પાદન કર્યું, એ અદ્‌ભૂત શક્તિ ઓછી ન કહેવાય—પણ આ તો પોતાના પ્રપંચે પાસ થવાયુ. એટલે ગુરૂનામાં શ્રદ્ધા શાની આવે ? વળી અભાવનું બીજું કારણ એ હતૂં કે, પોતાને ત્યાં ઇન્દિ અવતરવાની ગુરૂએ કહેલી તેને બદલે ઇન્દુ અવતર્યો! દિલગીરી એટલી થાય છે કે ઇન્દુભાઇ, નથી માને મળતા આવતા, કે નથી બાપને મળતા

આવતા ! પછી તો ઘેર ઘેર ગુરૂનું વગોણું કરવા માંડયું—જોઈ લ્યો ગુરૂ—ચેલા વચ્ચે ઠેલંઠેલા ! જગતના લોકોની પણ સમજ ફેર થતી હશે; પોતે કહેતા કે જેમ જેમ અનુભવથી હૃદય ઘડાય તેમ તેમ વિચારોમાં ફેરફાર થાય. અક્ષરશઃ આ યથાર્થ છે, એવૂં ડૉ૦ ધનચક્કર પોતાના વર્તન પરથી પૂરવાર કરી આપે છે, ઉ૦ ત૦ કદિ કદિ પોતે પંચિયું પહેરે છે, કદિ કદિ પેન્ટ, કદિ ધોતર (કોઇવાર કાછડો તો કોઇ વાર ચાર પાટલીએ) ને કદિ કદિ ચાદરથી પણ ચલાવી લે છે આમજ કદિ કદિ ભેંશ ભડકે એવું ટીલું તાણે છે તો કોઇ વાર જ્યારે અનુભવથી હૃદય ઘડાય—ટીપાય ત્યારે ઓરશીઆ જેવૂં કપાળ રાખે છે.

—:ડૉ૦ ધનચક્કરની પસંદગી.:—

આ બધું તો જાણે ઠીક, પણ એકવાર મ્હેં પૂછેલૂં કે આપનામાં આટલી બધી બાહોશી છતાં આપના વતનમાંથી કોઇએ કેમ પરણેલા નહિ, કે જેથી ખૂણામાં ભરાયલા ગામડાની કન્યાને **રૂપિયાથી તોળીને આણવી પડેલી ?** " ગામડામાં ઘડાયલૂં હૃદય—કોરૂં ધાકડ જેવું હોય, માટેજ ગામડાને પસંદ કરેલૂં." આ જવાબથી અમે (મન વાળીએ) શાંતિ મેળવીએ, તે પહેલાં તો દૃષ્ટાંત દેખાડવામાં આવ્યું કે,"

—:ડૉ૦ ધનચક્કરનું શિક્ષણ.:—

એ કોરા ધાકડ જેવા હૃદયને શિક્ષણ આપતાં મ્હને જરા પણ મુશીબત પડતી નથી—પૃથ્વિ ગોળ છે કે ચપટી ? ઉંટનાં અંગ વાંકાં કેમ ? અને કુતરાની પૂછડી વાંકી કેમ ? અહીંથી માંડીને છેક—ડાર્વીનની શોધ સુધી શિક્ષણ ખેંચવામાં આવ્યું છે. અર્થાત વાંદરાં એ મનુષ્ય કોટિનાં છતાં મનુષ્ય ઉભા કેમ ચાલે છે. અને વાંદરાં કેમ આડાં ચાલે છે ? ઇત્યાદિ વિષયો ઘણી સરલતાથી સારી રીતે સહજે

સમજી શકે છે." ડૉ. ધનચક્કર બોલે, તેમાં જો કે પાણી કહેતાં કાદવનૂંયે ઠેકાણું ન હોય તોપણ, વાતો તો જાણે "બાવન તોલા અને પા રતિ."

ડૉ૦ ધનચક્કરના તાકડધિન્ના.

ડૉ. ધનચક્કરનામાંથી શિખવા જેવા મહદ્દગુણ એ છે કે, તેઓ પોતે "ખાનદાનને ખાતર જીંદગી માને છે!

પાર્વતિના ૧પયેરથી નખોદિયું આવવાનું છે. એટલે અત્યારથીજ "ચાલી લાખના બાપના બેટા વ્યાજમાં ડૂલવા લાગ્યા છે;" વાંચનાર! મધપૂડામાં મધ હોય, ત્યાં સુધી તેની પાછળ અસંખ્ય માખીઓ પડીને પાથરી રહે છે, આમજ, મહાનુભાવના મૂર્ખક મિત્રો—જેવા કે, ચન્દ્ર, નામધારી, (ચન્દ્ર જેવી શીતળતા વિહોણો—પણ) ચન્દ્ર પેઠે કલંકિત ચન્દવો બારોટ, વેણીરામ વક્તા, મણિયો જુગારી, પશવો મોચી, મીઠું ગાણું ગાનારો ગગો ઘાંચી, મગનો મારવાડી, વજો વાઘરી, અને 'નનામા' ને બાદ કરૂં તો પૂંજો પાનવાળો વગેરે—ભેગા ભળીને પારકી પૂંજી પર તાકડધિન્ના કર્યાં જાય છે શો પરમાર્થ! શી ઉદારતા! શ્યાં જીવન!

ડૉ૦ ધનચક્કરની ફિલસૂફી.

ગાઢ પરિચય અને નિઃસીમ સ્નેહવાળો ઘણો અમલદાર વર્ગ ડૉ. ધનચક્કરને ઓળખે છે, અને આ ઓળખાણને અંગે મ્હેં જ્યારે જ્યારે મ્હોટા સમક્ષ ડોકટર સાહેબનું અપમાન થતું જોયેલું ત્યારે પ્રથમ તો મ્હને એમ ભાસેલૂં કે અપમાન વેઠવાની ઉદારતા રાખી હશે. અથવા મહાનુભાવોને મન માનાપમાન સમાન હોય. તથાપિ

તેમના દ્વારા તો આથી જુદી રીતે સમાધાન થતું–કહેતા કે અતિ પ્રેમને અંગે તુંકારે બેપરવા રાખે, કે સંતાપે છે. જેમ ઇશ્વર પણ પોતાનાં કરી લીધેલાંની કસોટી કરે છે તેમ."

ડૉ૦ ધનચક્કરની ભાવના.

આ અગાધ ફિલસૂફીમય હૃદયની ભાવના પણ એમના જેવા થનાર માટે અનુકરણીય નીવડશે એમ ધારી વિદિત કરૂં તો મોટર મેળવવાની મગતા, બંગલા બન્ધાવવાની બોથડતા, સ્વર્ગીય વિલાસ ભોગવવાની આકાશ કુસુમવત વાંચ્છના અને ભવિષ્યમાં ડૉક્ટરની પદ્દિને સ્થાને રાજાની ડીગ્રી મેળવવાની શ્રદ્ધા–આ બધું ફળશે કે કેમ? એવો પ્રશ્ન મ્હેં એકવાર કરેલો, ત્યારે સમાધાનાર્થે ભાવના પલ્યાના દૃષ્ટાંતમાં એક પ્રામ સુરતી બ્હેન જેવી સ્ત્રી બતાવેલી; અને એતો શ્રેયઃસાધક અધિકારી વર્ગનો પણ કહી કહીને કૂચો રહી ગયો છે કે ભાવના ઉચ્ચ રાખો અને વાંચનારને પણ નિવેદન કરવું ઉચિત છે કે, ભાવના ઉચ્ચ રાખો; પણ ડૉક્ટર પેઠે સીમા, સત્તા અને ગજા ઉપરાંતની તો નહિજ.

—:વલણ:—

ત્યારે આ પ્રમાણે ડૉ૦ ધનચક્કરનું માનસિક શારીરિક અને આર્થિક સ્થિતિનું અવલોકન કરીને, હવે પછી આપણે એમની બીજી બાજુ પકડીશું.

—ડૉ૦ ધનચક્કરે દાશા બદલી—

ડૉકટરની ડીગ્રી મેળવતા પહેલાંજ એ લાઇનમાં જીવન ગાળ-વાનું ગન્દુ, ઝાંખું, લાંચિયુ, વિશ્વાસઘાતક અને નિષ્ઠૂર લાગવાથી ડૉ૦ ધનચક્કરે સાક્ષરી (!) લાઇનમાં પગ પેસારો કરવા માંડયો. અને મહા મહેનતે એમને નમૂનેદાર બે લેખક મિત્રો (!) લાધી ગયા. મિત્રો સાથે હાલ આપણે કશી નિસ્બત નહિ હોવાથી માત્ર ત્હેમના ઓલખાણ પૂરતૂં અવલોકન કરીએ તો—એક મિત્ર નામે ચન્દુભટ્ટ છે જેણે લંકામાં લાંબા બનેલા મારૂતના લાંગૂલ જેવડી એક લાંબી (લગભગ ત્રણસો લાઇનની) કવિતા રચી છે, અને એ અથાગ શ્રમ ઈશ્વરને અર્પણ કરવાની તક પ્રાપ્ત કરી પોતે પોતાની ઉદારતા પૂરવાર કરી રહ્યા છે આ ઉપરાંત ઉમરેઠમાં નવરાત્રિ ટાણે ભજવાતી ભવાઇમાં પાઠ લેઇ, આગળ પડતો ભાગ લેનાર તરીકે તેમજ સાસરિયામાં સંકરપણૂં પ્રદર્શિત કરવાની પહેલ કરનાર તરીકે અને 'નવ-રંગ' જેવા ચિંથરિયા માસિકમાં * લેખક તરીકે પ્રસિદ્ધિ પામી રહ્યા છે; પછી બીજા મિત્ર નામે 'આરેન' વક્તા છે, ખૂણામાં પડી રહેલા એકાદ માસિકને ઉથલાવી નાખનારથી અજાણ્યું નહિ હોય કે આ મહાનુભાવ (!) પોતે પોતાના થોડાક શબ્દો વડે પરભાર્યાં લેખોને પોતાના બનાવી દેવાનો મ્હાવરો પાડનાર એવા, ચોરીમાં બાહોશી મેળવી પરભાર્યા વિચારોના આધાર પર ઝઝૂમનારા એક આ-

---

* એજ માસિકમાં હમણા તાજું લખેલું વાર્તાનું એક પ્રકરણ એમણે પ્રસિદ્ધ કરવા મોકલાવેલૂં. પણ વાંચનારના નશીબે તે રસ્તામાંજ ગૂમ થઈ ગયું !

કાશમાંના ઝળકતા તારા " જેવા છે (ખરેખર ચન્દ્ર જેવા નહિજ. અને આ અલંકાર, જેમાં પોતે લેખો છપાવે છે તે માસિકના તંત્રીએ યથાર્થજ આપ્યો છે !)

ડૉ૦ ધનચક્કર ટીકાખોર તરીકે

ત્યારે આવા અઠંગ ઉઠાઉગીર મિત્રોની મદદ વડે ડૉ૦ ધનચક્કર પ્રથમ ટીકાખોર તરીકે બહાર આવ્યા; મુદ્દાની બાબતોને હાથમાં લઇ હદમાં રહીને વિવેકપુર:સર અને સંક્ષિપ્તમાં ચર્ચા ઉપસ્થિત કરવાની શક્તિ સંપાદન કરતાં તો ઘણી મગસમારી કરવી પડે માટે આ કોટિની ટીકા દ્વારા ટીકાકાર તરીકે નહિ નિભાતાં " રીંછની ગુદામાંથી મુવાળાની ખામી શોધી કાડી " અંગત આક્ષેપો કરવા કાળી દષ્ટિનેજ કમાળિયાની માફક માન આપવાની સરલ શૈલી પકડીને પોતે ટીકાખોર તરીકેના " ઝૂંડો ઉઠાવ્યો—આ ઝૂંડો કોણે ઝીલ્યો ? "સુમનમાળા " નામના નવા જન્મેલા છ મહિનાના છૈયાએજ ! શિક્ષિત વર્ગમાં સત્કારાયલાં માસિકો, ડૉ. ધનચક્કરના ગરવા લેખો કળી શકે નહિ એટલે એનો સત્કાર ન થાય એ સ્વાભાવિકજ છે—વારૂ: કેવળ ટીકાખોર તરીકેજ ડૉ૦ ધનચક્કર ટક્કર ઝીલી રહ્યા નથી

ડૉ૦ ધનચક્કર કવિ તરીકે.

પણ કવિ તરીકે તૈયાર થઇને રવિ ન પહોંચે ત્યાં પોતે પોચા વળવા લાગ્યા છે અર્થાત્ ઘોર અન્ધારી ગૂફામાં રવિનાં રશ્મિ ન ઉતરી શકે, તેવી જગામાં પોતાના ઉઠાઉગીર મિત્રો સાથે પોતાના હૃદય ઝરણામાંથી નીકના રેલાની માફક ઝરેલાં કાવ્યો ગાઇને સાંભળનાર (એમના જેવા)ને ઘેલા ઘેલા કરી નાંખે છે. પુત્ર પ્રાપ્તિ પ્રસંગે પોતે રચેલા એક ભાવમયકાવ્યની નકલ મ્હને પ્રકટ કરવા આપેલી તેની વાનગી વાચકને ચખાડું !—

"ઇન્દુ એતો મ્હારો લાડીલો બાળ, ઇન્દુને જોઇ જોઇ થાઉં ન્યાલ:
"ઇન્દુ એતો મ્હારો બ્હાદૂર બેટો, ઇન્દુ જાણે બીજો વડનો ટેટો
"ઇન્દુ વડે મ્હારૂં આંગણૂં શોભે, ઇન્દુને ચઢાવૂં મ્હોટેરા મોભે:
"હવે હૂં કહેવાઇશ બાપ, મંગુ ભણે એતો ઇન્દુ–પ્રતાપ.

(ઝરણૂં સૂકાઈ ગયૂં.)

વાહ ! શા અલંકાર ! શો ભાવ ! ને શું સત્ય ? "ઝરણૂં સૂકાઈ ગયૂં" એટલે શેવો વણવાના સંચા રૂપ હૃદયમાંથી પછી વધારે કાવ્ય ઉતરતૂં બંધ થઇ ગયૂં: ડૉ૦ ધનચક્કરે જ્યારે અમારા માસિકમાં પ્રસ્તુત કાવ્ય પ્રકટ થયેલું ન જોયું, ત્યારે મ્હારા પર તે શેરો ભરાયલા–ભરાયજ કેમકે આ ગૌરવયુક્ત કાવ્યપ્રસાદી (ફ્રી-ઑફ ચાર્જ) સમાજને ચખાડનાર ચખાડતા હતા, અને અમારા તંત્રીએ નકામી આડી ખોલી નાખેલી ! × × આ વિષે હમણા આટલુંજ.

ડૉ૦ ધનચક્કર વકતા તરીકે.

ડૉ૦ ધનચક્કર ટીકાખોર અને કવિ તરીકે તૈયાર થવા ઉપરાંત વક્તા તરીકે પણ છાપો મારી રહેલા ! અને તે ત્યાં સુધી કે થોડા વખતપર સંસાર છોડીને લંગોટ ભેર નીકળી પડવાનૂં બીડૂં ઝડપવા ખાસ લલચાઇ રહેલા (સ્મરણ કરો પાગલ હરનાથનો કૃત્રિમ પત્ર) વળી ઉમાપૂર (ઉમરેઠમાં)માં સ્થપાયલા, અને ત્યાંના સંભાવિત સદ્‌ગૃહસ્થો, પ્રતિષ્ઠિત મહાશયો. વકીલો, ડોકટર, માસ્તરો વ્હેપારી વર્ગ તેમજ અન્ય અમલદાર વર્ગ ઉપરાંત એજ્યુકેટેડ વર્ગ તરફથી એકેક અવાજે સત્કારાયલા બન્ધુમંડળ (અથવા આ ડૉક્ટરના શબ્દોમાં

શિશુ મંડળ) માં પણ પોતે પ્રમુખ તરીકે થવાનું બીડું ઉપાડેલું; પ્રમુખ થયેલા; અને ભાષણ આપેલું, (સ્થળ સંકોચથી તે ભાષણ અને પ્રસંશા હવે પછી છાપશું.) મંડળની પ્રસંશા કરીને પોતે મેમ્બર તરીકે નિમાયલા, પૈસા પણ ભરતા, અને અન્દરથી ઇનામો પણ મેળવતા હતા. આ ગૌરવ ઓછું નહિ.

અફસોસ એટલા પૂરતોજ થાય છે કે ડૉક્ટર સાહેબના કોઇ પણ મતનો મંડળમાં સત્કાર થતો નહિ આનું કારણ એમનો ગૂઢ ગૌરવ નહિ કળી શકવાથી વિશેષ નહતું. અને જ્યારે કેવડાનું ભૂસું, કે બીજી કોઇ 'વાનીઓ' જેવું મંડળમાં ન હોવાથી, તેવું પોતાને નમળવા લાગ્યું, ત્યારે મંડળ સાથેના સમ્બન્ધથી પોતે મુક્ત થયા આથી મંડળનો અડધો મૂવાળો પણ ખરી ગયલો નથી જણાતો ! આનું શું કારણ હશે ? યત્નો તો આસ્માન જમીનને એક કરવા જેટલા થયાં ગયેલા પણ મંડળને આંચ ન અડકી ત્યારે જુદ, ને પોતાનું માનીતું બનાવીને પેલા છ માસના છૈયાની મદદે બહાર ડોકું કરવા લાગ્યા છે. સત્ય હકીકત, મંડળને મળેલા સત્ય અભિપ્રાયો, મંડળમાં ભાગ લેનાર મહાશયો, અને મંડળના મેમ્બરો હાલ કેટલે દરજ્જે ઉચ્ચ પ્રગતિ પામે છે તે બધું અમે હવે પછીના અંકમાં નિખાલસપણે અને પ્રભુને સાક્ષીભૂત રાખીને સત્ય વસ્તુ રજુ કરનારછીએ, એટલે જેને હડકાયલા કૂતરાનો અવતાર ભોગવવો હોય તે ભલે ભોગવે. આ વિષે આટલું લંબાણથી લખવાનું કારણ એટલુંજ કે ડૉ० **ધનચક્કરની** (એમના મનથી જ્ઞાનતા પણ અમારા મનથી) અજ્ઞાનતાની દયા આવે છે !

ઉંટના મ્હોંને તો ઝાંખરાંજ સારાં; એ ન્યાયે જૂગટું ખેલનાર, "મૂર્ખ મિત્રો મળી ગાળ દઈ ગમ્મત કરનારા" શેતરંજ અને પા-

નાંમાં રાતની રાતો વિતાવનારા, ભવાઇ, તાયફા અને નાટક જોવામાં ઇન્તેજારી ધરાવનારા, મફતનાં માલ પાણી મેળવી તે પર તાકડધિન્ના કરનારા અને એકડા વગરના મીડાં પેડે મવાલી જેવા રહેવામાં મઝા માણનારા સહવાસીઓ સાથે આપણે ડૉ૦ ધનચક્કરને બને તેટલા પોલા બનવા દો! ખરૂં ગૌરવ તો આપણે આવા માર્ગમાંથીજ જોઈ શકીશૂં અને ડૉકટર સાહેબના ગહન આશયો પણ એવા માર્ગ દ્વારા જ આપણે વધારે સંપાદી શકીશું.

વાંચનાર! ખાખરની ખીસકોલીને સાકરનો સ્વાદ ચખાડીશ ના, મ્હારી નમ્ર માન્યતા સ્વીકારતો હોય તો હું તો એમજ કહું છું કે લાકડાના દેવને ખાસડાનીજ પૂજા કરજે. અને લૉર્ડ બેકન તથા હેક્સ્લના નિબંધો વાંચીને પાક્કો–તૈયાર થજે–એટલે હજી પછી આપણા ધુણી ઉડેલા ભૂત (ડૉ૦ ધનચક્કર)ને બાકળા આરોગાવશૂં.

" અચ્યુતમ્ કેશવમ્ રામ નારાયણમ્.

× × × ×

" ब्रह्मकृपा हि केवलम् "

ॐ

અન્તર દ્વારે પડઘો અથડાયો
ભાગી ભિન્નતાની ભૂંગળો :
અને ઉઘડયા ઐક્યના આગળા :
પ્રકટી ઝળહળતી આત્મજ્યોત :
ડુબી ઘોર અન્ધારાંની ગુફા :
તેજ પીતાં નયન,
રસભરતાનું હૃદય,

અને અભેદ અનુભવતો આત્મા,
ઝાંખી પામતો જગત નિયંતાની.
દેવ! પિતા! પ્રભો!
શાન્તિના સાગર છો!
તેજના અંબાર છો!
પરમ આનંદના નિધાન છો!
યોગ, વ્રત, અને તપ,
પૂણ્ય, દાન, અને સેવા,
સ્નેહ, પ્રેમી, અને દયા,
ઉતારશો મનુબાલકને આંગણે:
પમરવા તમ: પનોતી પરિમલ.
અમ રાંકની એજ યાચના.
જેવા છીએ એવા દિક્ષા વિહોણા
ભિક્ષા માગવા નાખ્યા અડીંગા
નાથ! ત્હારા બ્રહ્માંડ ચોકે.
ઉણાં ને અધુરા હૃદયોને
દેવાય દાન મધુંરા દર્શનનું
ઓછી એ યાચના?
આ એજ અને એક
છેલ્લી છોડવા ધો વાંચ્છના.

ब्रह्मकृपा हि केवलम्

ब्रह्मकृपा हि केवलम्

અભ્યર્થના.

બ્રહ્માન્ડમાં વ્યાપક બધે પ્રભુ વાયુ સમ વહાય!
પડઘો ઉરે અથડાય!
વૈરાટ–મ્હેરામણ સમો તું સૃષ્ટિમાં ન સમાય!
મુજ દૃષ્ટિમાં પણ માય!
વિભુ! વ્યોમ માંડવડા સમી શીળી છાય તું ધરનાર
સંતાપ સૌ હરનાર
શાં પાથર્યાં સંસાર નાંખ્યાં નિલ પૂણ્ય ભર વન!
ઓ જીવના જીવન!
સૌન્દર્યવિભૂષિત વેર્યો તેજનો અંબાર!
અજવાળવા સંસાર!
તુજ પ્રેમ દયાનાં વ્હેણુ વ્હોળાં જે અહીં ફેલાઈ
રસ શાં બધે રેલાય.
પ્રભુતાભરી પ્રભુ! દોરતી લીલા અકલ તુજ દ્વાર!
વન્દન ત્હને શતવાર!
એ વ્હેણુ કેરા પાન સ્નાને ભૂલવી ભવ તૉર
તુજ પન્થમાં દીન દોર.
તુજ જ્યોતિ દોરે તિમિરથી નેં જ્યોત્સ્ના જોવાય
તૃપ્તિ ભલી તો થાય.
હે સૂત્રધાર! જૂ. સર્વના નટ દોરી ત્હારે હાથ
નટ બાળ અમ અનાથ.